સને.૨૦૧૪-૧૫ માં નવી બાબતે માંગણી નંબર-૯ પ્લાન સદરે રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત ૫૨૦૯ કિચનશેડના બાંધકામ માટે રૂા.૧૩૭૧૪.૪૩ લાખની રકમની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ-મભય/૧૦૨૦૧૪/૨૧૭/૨,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪/૧૨/૨૦૧૪.

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયના તા.૨૪-૩-૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃ-એફ-નં.૧૭-૧૭-૨૦૦૮-DMD-1-1(EE5)

(૨) કમિશનરશ્રી, મ.ભો.યો.ના તા૨૪-૪-૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃ મભય/અમલ/કીચનશેડ/૧૪-૧૫/૩૫૮૯ અને તા.૧૭-૭-૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃ-મભય/અમલ/કીચનશેડ/૧૪-૧૫/૬૫૮૯.

(3) વિભાગના તા.૨૧-૭-૨૦૧૪ અને તા.૨૬-૮-૨૦૧૪ ના સરખા ક્રમાંકના ઠરાવ.

સુધારા ઠરાવઃ-

સંદર્ભ-(3) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૧-૭-૨૦૧૪ અને તા.૨૬-૮-૨૦૧૪ ના ઠરાવથી સને.૨૦૧૪-૧૫ માં રાજયમા આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત ૫૨૦૯ કીચન શેડના બાંધકામ માટે ભારત સરકારના ૭૫ ટકાના હિસ્સા મુજબ રૂા.૮૪૧૫.૭૨ (CSS) લાખની અને રાજય સરકારના ૨૫ ટકાના હિસ્સા પેટે રૂા.૩૧૩૮.૫૭ + રૂા.૧૧૬૦.૧૪ લાખ મળીને કુલ રૂા.૪૨૯૮.૭૧ લાખની બજેટ જોગવાઇ અન્વયે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સંદર્ભ-(૨)માં દર્શાવેલ કમિ.શ્રી, મ.ભો.યો.ના તા.૧૭-૭-૨૦૧૪ ના પત્રથી આ યોજનાનો અમલ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પરિષદ, ગાંધીનગર દ્વારા કરવાનો હોઇ, આ અંગેની ગ્રાન્ટ તે કચેરીના હવાલે મુકવાની દરખાસ્ત કરવામાં આવેલ છે જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સને-૨૦૧૪-૧૫ માં નવી બાબતે માંગણી નંબર-૯ પ્લાન સદરે રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત ૫૨૦૯ કિચનશેડના બાંધકામ માટે રૂા.૧૩૭૧૪.૪૩ લાખ (અંકે રૂપિયા એકસો સડત્રીસ કરોડ ચૌદ લાખ તેતાલીસ હજાર પુરા)ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. મધ્યાહ્ન ભોજન યોજનાના કીચન શેડનું આધુનિકરણ કરવાની યોજનાની ઉકત ગ્રાન્ટ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પરિષદ, ગાંધીનગરને હવાલે મુકવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

શિક્ષણ વિભાગના તા.૨૧-૭-૨૦૧૪ ના સરખા ક્રમાંકના ઠરાવની શરતો અને બોલીઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૭/૧૨/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.પી. પટેલ)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- માન. રા.ક. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાનની કચેરી,સેકટર-૧૭,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-- બજેટ શાખા ,નાણા શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબ સાઇટ ઉપર મુકવા સારૂ.)
-- ના. સે. અ. સિલેકટ ફાઇલ,
-- સિલેકટ ફાઇલ.